દિવ્ય ભાસ્કર, પાના નંબર, 09
તારીખ :- 13/02/2026.

**ભાસ્કર બ્રેકિંગ** મેટ્રો-BRTSને જોડતી બસો દરેક વિસ્તારમાં શરૂ થશે, સરકારે ખાસ ઓથોરિટી બનાવી

# અમદાવાદ-સુરતમાં રિક્ષા કે કેબ પર આધારિત નહીં રહેવું પડે, ખૂણે-ખૂણે મિની બસ દોડાવાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદ મહાનગર અને સુરતમાં વધતી ટ્રાફિક સમસ્યાને કાબૂમાં લેવા હવે સરકારે પ્લાન તૈયાર કર્યો છે. નાગરિકોને ખાનગી રિક્ષા કે કેબ-ટેક્સી પર આધારિત રહેવું ન પડે તે માટે બન્ને શહેરના લગભગ દરેક ખૂણાને મેટ્રો તથા બીઆરટીએસ સાથે જોડતી મીની બસ દોડાવાશે. આ માટે ગુજરાત સરકારે લાસ્ટ માઇલ કનેક્ટિવિટી માટેનો પ્લાન બનાવી યુનિફાઇડ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (UMTA)ની રચના કરી છે. આ ઓથોરિટી સિટી બસ, BRTS અને મેટ્રો રેલ જેવી જાહેર પરિવહન સેવાઓ વચ્ચે એવું સંકલન કરશે કે જેથી લોકો રહેણાંક વિસ્તારોથી કામકાજના સ્થળો સુધી સરળ રીતે પહોંચી શકે.

ઓથોરિટીની બેઠક મુખ્ય સચિવ મનોજ કુમાર દાસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સરકારના સૂત્રોએ જણાવ્યું કે, UMTA માટે રૂ.100 કરોડના અર્બન ટ્રાન્સપોર્ટ ફંડને પ્રારંભિક સીડ કેપિટલ તરીકે ફાળવવાનો નિર્ણય કરાયો છે. આ રકમ રાજ્ય સરકારના 2026-27ના બજેટમાં જોગવાઈ કરીને ઉપલબ્ધ કરાવાશે. અમદાવાદ અને સુરત મ્યુનિસિપલ કમિશનરોને વિગતવાર અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

## સરકાર આગામી બજેટમાં રૂ.100 કરોડની જોગવાઈ કરશે

### વન સિટી, વન મોબિલિટી કાર્ડ યોજના આવશે

આ કાર્ડથી મુસાફરો BRTS, સિટી બસ (AMTS સહિત) અને મેટ્રો રેલમાં એક કાર્ડ થકી ચુકવણી કરી મુસાફરી કરી શકશે. બંને મ્યુનિસિપલ કોર્પોરેશનોને ટ્રાન્સપોર્ટ માટેની ખાસ મોબાઇલ એપ્લિકેશન સાથે આ કાર્ડ ઝડપથી લોન્ચ કરવા અને ઈમ્પ્લિમેન્ટેશન એજન્સી પસંદ કરવા માટે તાત્કાલિક એક્શન પ્લાન બહાર પાડવા આદેશ આપવામાં આવ્યો છે.

### કોમન મોબિલિટી પ્લાન તૈયાર કરવામાં આવશે

બંને શહેરોમાં હાલ કયા રૂટ પર જાહેર પરિવહન ઉપલબ્ધ છે અને ક્યાં કનેક્ટિવિટીની અછત છે તેની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ માસ ટ્રાન્સ્પોર્ટની ઓછી સુવિધા ધરાવતાં વિસ્તારોમાં નવી પરિવહન સેવાઓ શરૂ કરવામાં આવશે.

### લાસ્ટ-માઇલ કનેક્ટિવિટીથી ખૂણેખૂણો જોડાશે

UMTAનો હેતુ મુસાફરોના ઘરની નજીકથી તેમના કાર્યસ્થળ સુધી જાહેર પરિવહન સુધી સરળ અને સુલભ પહોંચ સુનિશ્ચિત કરવાનો છે, જેથી માસ ટ્રાન્ઝિટની ઉપયોગિતા વધે. આ માટે ચારથી આઠ ચોરસ કિલોમીટર વિસ્તારને એક એકમ ગણી ત્યાંથી બીઆરટીએસ કે મેટ્રો સ્ટેશન સુધી પહોંચવા મીની બસ શરૂ કરાશે.

### મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ્સનું નિર્માણ કરાશે

અમદાવાદમાં મોટેભાગે મેટ્રોના મોટેરા, ઓલ્ડ હાઈકોર્ટ, વાડજ અને થલતેજ સહિત મોટા સ્ટેશન પર મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ્સ વિકસાવવાની યોજના છે. અહીં સંકલિત ફીડર સેવાઓ દ્વારા આસપાસના વિસ્તારોને જોડવામાં આવશે.